ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૫૫ ટકા
ગાંધીનગર તાપમાન

અંતે, સે-૨૨માં વૃક્ષોને ખસેડવાની કામગીરીનો પ્રારંભ...!!

પંચેદવ મંદિર નજીકથી ૨ લીમડાંના વૃક્ષ ઉખાડી ઢોર ડબા પાસે રી ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા : વિશ્વાસમાં લીધા વિના તંત્ર એ આરંભેલી કામગીરીથી પ્રકૃતિ પ્રેમીઓએ સોશ્યલ મિડીયા પર રોષ વ્યકત કર્યો

ગાંધીનગર, તા.૨૦

અંતે ગાંધીનગરના સેકટર-૨૨માં પ્રકૃતિ પ્રેમીઓની નારાજગી છતાં વૃક્ષોને રી ટ્રાન્સપ્લાન્ટ કરવાના કાર્યનો તંત્રએ આજે પ્રારંભ કરી દીધો હતો. હજુ ગઈ કાલે મનપા દ્વારા અખબારી યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ૧૨૯ વૃક્ષો પૈકી ૩૯ વૃક્ષ બચાવીને બાકીના વૃક્ષોમાંથી ૪૫ને રીટ્રાન્સપ્લાન્ટ કરવાની જાહેરાત કરાઈ હતી. આ અંગે વૃક્ષો બચાવવા લડત આપી રહેલા પ્રકૃતિ રક્ષા અભિયાન તથા તેને ટેકો આપી રહેલી સંસ્થાઓ કોઈ પ્રતિક્રિયા આપે તે પહેલા આજે જ વૃક્ષોનું રી ટ્રાન્સપ્લાન્ટનું કાર્ય શરૂ કરી દેવાતા પ્રકૃતિ પ્રેમીઓમાં નારાજગીનો સૂર જોવા મળ્યો હતો. આજની કાર્યવાહીમાં પંચદેવ મંદિર નજીકથી ૨ લીમડાંના વૃક્ષોને ઉખાડીને ઢોર ડબા પાસેની ખુલ્લી જગ્યામાં તેનું ફરી વાવેતર કરવામાં આવ્યું હતું.

શહેરના સેકટર-૨૨માં આંતરિક માર્ગ પ્હોળો કરવાના કાર્ય માટે સેંકડો વૃક્ષોનું નિકંદન નીકળવાનું છે તેવા સમાચાર વહેતાં થતાં જ શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો. આ વૃક્ષોને બચાવી લેવા શહેરના પર્યાવરણ પ્રેમી નાગરિકો દ્વારા 'પ્રકૃતિ રક્ષા અભિયાન'ના નેજા હેઠળ વિનમ્ર આંદોલન છેડવામાં આવ્યું હતું જેને શહેર વસાહત મહામંડળ, શહેર વસાહત મહાસંઘ જેવી ખમતીધર સંસ્થાઓ સહિત ગ્રીન ગ્લોબલ બ્રિગેડ વગેરે જેવી અનેક સંસ્થાઓનો ટેકો પ્રાપ્ત થયો હતો. સતત સોશિયલ મિડીયા પર પણ પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા સે-૨૨ના વૃક્ષોને બચાવી લેવા અભિયાન ચલાવાઈ રહ્યું છે જેના ખૂબ જ ઘેરા પ્રત્યાઘાત પડયા હતા અને સે-૨૨ના સ્થાનિક નાગિરકો સહિત શહેરના નાગરિકોનો મોટી સંખ્યામાં લડતને આવકાર મળી રહ્યો હતો. આ સ્થિતિમાં મનપા દ્વારા ૩૯ વૃક્ષો બચાવી લેવાની અને ૪૫ વૃક્ષોને રી ટ્રાન્સપ્લાન્ટ કરવાની નીતિ ઘડી વચલો રસ્તો શોધવા પ્રયાસ કરાયો હતો પરંતુ રી ટ્રાન્સપ્લાન્ટ કરાયેલા વૃક્ષોના જીવંત રહેવાની સફળતાનો રેશિયો ખૂબ ઓછો હોવાની દલીલ સાથે પ્રકૃતિ પ્રેમીઓએ સોશ્યલ મિડીયા પર આ નિર્ણય ખોટો ગણાવી વિરોધ કરવાનું ચાલુ રાખ્યું હતું. આમ છતાં તંત્ર દ્વારા આંદોલનકર્તાઓ અને તેમની સહયોગી સંસ્થાઓ જે શહેરમાં જવાબદારી ભર્યું સ્થાન ધરાવે છે તેમની સાથે મસલત કરવાનું પણ ટાળીને વૃક્ષો હટાવવાની પ્રક્રિયા આરંભી દીધી હતી. પ્રકૃતિ રક્ષા અભિયાન સાથે જોડાયેલી આ મુખ્ય સંસ્થાઓ દ્વારા રીટ્રાન્સપ્લાન્ટની કામગીરી અંગે શંકા વ્યકત કરીને આ યોજના પર પુર્નવિચાર કરવાનો અને શહેરના પ્રકૃતિ પ્રેમીઓને વિશ્વાસમાં લઈને નિર્ણય લેવામાં આવે તેવો મત વ્યકત કર્યો છે.

રી ટ્રાન્સપ્લાન્ટનો નિર્ણય ગ-૪ના વડલાં જેવો ભ્રમિત કરનારો : પ્રકૃતિ રક્ષા અભિયાન

સે-૨૨માં વૃક્ષો બચાવવા માટે લડત આપી રહેલા પ્રકૃતિ રક્ષા અભિયાનના પ્રકૃતિ પ્રેમીઓએ જેટલાં વૃક્ષ બચાવવાનો નિર્ણય લેવાયો છે તે માટે મેયરનો આભાર વ્યકત કરવા સાથે જે વૃક્ષોને રીટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવનાર છે તેની કામગીરીની સફળતા અંગે શકા વ્યકત કરવા સાથે આંદોલનને વધુ ગંભીર બનાવી ઉપવાસ આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા વર્ષો જુના વક્ષોને કાપી નાંખવા તે પણ અયોગ્ય હોવાનું હોવા સાથે રીટ્રાન્સપ્લાન્ટનું કાર્ય પણ વૃક્ષોને કાપવા સમાન હોવાનું લેખાવતા સમગ્ર નિર્ણયને ગ-૪ના વડલાની જેમ પ્રકૃતિ પ્રેમીઓને ભ્રમિત કરવાનો કારસો લાગી રહ્યું હોવાનું જણાવી રોષ વ્યકત કર્યો છે.

•••

આંદોલન કર્તાઓ રીપ્લાન્ટની માંગણીથી અળગા રહ્યા છે : શહેર વસાહત મહામંડળ

શહેરમાં વિવિધ સેકટરોમાં રસ્તા ચાર માર્ગી કરવા વૃક્ષોનું નિકંદન કાઢવા સામે પ્રકૃતિ રક્ષા અભિયાન સાથે ખભે ખભો મિલાવી વિરોધ વ્યકત કરનાર શહેર વસાહત મહામંડળ દ્વારા પણ વૃક્ષોની કટૌતીને રોકવાના નિર્ણયને આવકારવા સાથે વૃક્ષોના રીપ્લાન્ટેશનનો નિર્ણય શંકાશીલ હોવાનું જણાવ્યું છે. વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે અખબારી યાદીમાં જણાવ્યું છે કે પ્રકૃતિ પ્રમીઓ પહેલેથી જ રીપ્લાન્ટેશનના વિકલ્પથી અળગા રહ્યા છે.

•••

શહેરમાં શકય હોય ત્યાં સુધી વૃક્ષ કાપવા નહીં : શહેર વસાહત મહાસંઘ

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા મનપાના નિર્ણયમાં જે વૃક્ષોને બચાવી લેવાયા છે તેને આવકારવા સાથે શહેરમાં આડેધડ વૃક્ષો કાપવા સામે રોષ વ્યકત કરતા અટકાવવા માંગ કરી છે. વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે શહેરમાં શકય હોય ત્યાં સુધી કોઈ વૃક્ષ કાપવું જોઈએ નહી તેમજ નવા છોડવાના વાવેતર કરી જતન માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

સે-૨૧ કમલમ ખાતે ભાજપનો મીડિયા વર્કશોપ યોજાયો

ઉત્તર ઝોનના મીડિયા કન્વીનર ડો. હેમંત ભટ્ટ અને કર્ણાવતી મહાનગરના મીડિયા કન્વીનર ડો.અમિત જ્યોતિકરે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને વિવિધ મુદ્દે છણાવટ કરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગર ભાજપાના મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ગાંધીનગરના સેકટર-૨૧ સ્થિત ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને પ્રદેશ નેતૃત્વના સૂચન અને માર્ગદર્શન હેઠળ ઉત્તર ઝોનના મીડિયા કન્વીનર ડો.હેમંત ભટ્ટ અને અમદાવાદ મહાનગરના મીડિયા કન્વીનર ડૉ. અમિત જ્યોતિકરની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગર અને જિલ્લા ભાજપાનો સંયુકત 'મીડિયા વર્કશોપ' યોજાયો હતો.

ઉત્તર ઝોનના મીડિયા કન્વીનર ડૉ. હેમંત ભટ્ટે સ્થાનિક સ્તરે વોર્ડ/ મંડલમાં ભાજપાના શાશનમાં થયેલા વિવિધ વિકાસકાર્યો તેમજ કેન્દ્ર અને રાજયની ભાજપા સરકારના સમયમાં અમલી બનાવાયેલી અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને લાભાર્થીઓની 'ડેટા બેંક' બનાવવા પાર ભાર મુકતા જણાવ્યું હતું કે આજની રાજનીતિમાં 'ડેટા બેંક' અત્યંત મહત્વનું પાસું છે.

અમદાવાદ મહાનગરના મીડિયા કન્વીનર ડૉ. અમિત જ્યોતિકરે પ્રેસનોટનું મહત્વ સમજાવી પ્રેસનોટ બનાવવા અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મીડિયા વિભાગનું કાર્યડિબેટમાં ભાગ લઈને ભાજપાના પક્ષને રજૂ કરવાની સાથે સાથે પડદા પાછળ રહીને ભાજપાને વધુ મજબૂતી પ્રદાન કરવાનું છે.

આજના આ મીડિયા વર્કશોપમાં ભાજપા ગાંધીનગર જિલ્લાના મીડિયા કન્વીનર ડૉ. બિમલ જોશી, ભાજપા ગાંધીનગર મહાનગરના મીડિયા વિભાગના સહ-કન્વીનર હરીશ રાણા, સહ-કન્વીનર કલ્પ પટેલ, ગાંધીનગર મહાનગર અને જિલ્લાના મંડલ/ વોર્ડના મીડિયા ઈન્ચાર્જશ્રીઓ અને સહ ઈન્ચાર્જશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજના મીડિયા વર્કશોપમાં સ્વાગત પ્રવચન ડૉ. બિમલ જોશીએ તેમજ આભારદર્શન હરીશ રાણાએ કર્યું હતું.

સે-૨૪ કમલ સ્પોર્ટસમાંથી ૨૧ લાખનો ડુપ્લીકેટ માલ ઝડપાયો

નાઈકી જેવા સિમ્બોલવાળા શુઝ દિલ્હી ખાતે મુંડકાથી તેમજ કપડા અમદાવાદ નરોડા જે.કે.સ્પોર્ટસ ખાતેથી લાવતા હતા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ કમલ સ્પોર્ટસ નામની દુકાનમાંથી બ્રાન્ડેડ કંપનીઓના સીમ્બોલવાળા ડુપ્લીકેટ નાઈક, એડીડાસ, અંડર આર્મરના કપડા તેમજ બુટનો રૂ.૨૧,૫૬,૬૦૦ નો જથ્થો ઝડપાયો છે. દુકાન તેમજ ગોડાઉન ખાતે ગેરકાયદેસર કપડા તેમજ બુટનો જથ્થો રાખી વેપાર કરતા બે શખ્સો સામે કોપી રાઈટ અને ટ્રેડમાર્ક હકોનું રક્ષણ કરતી કંપનીના કર્મચારી સચિન શર્માએ કોપી રાઈટ એકટ ભંગની ફરીયાદ સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે આ શખ્સો નાઈકી કંપની જેવા સિમ્બોલવાળા સુઝ દિલ્હી ખાતેથી તેમજ કપડા અમદાવાદ નરોડા ખાતેથી લાવતા હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સચિન રઘુભરદયાલ શર્મા ધ લેજીસ્ટ નામની કંપીનીમાં છેલ્લા પાંચ વર્ષથી ફરજ બજાવે છે. ત્યારે ધ લેજીસ્ટ કંપનીને નાઈક, એડીડાસ, અંડર આર્મર બુટ તેમજ કપડાની કંપનીના કોપી રાઈટના હકની ઓથોરીટી મળી છે. સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરના પીઆઈ એસ.એમ.ચૌધરીએ ફરીયાદીના સિનિયર અધિકારીને ફોન કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે સેકટર-૨૪ ખાતે આવેલી કમલ સ્પોર્ટસ વર્લ્ડ નામની દુકાનમાં રાઈટ્સ વિના નાઈક, એડીડાસ, અંડર આર્મર જેવી કંપનીના લોઅર, અપર શુઝ સહિતનો સામાન વેચાણ થાય છે. ગ્લેમર કંપનીના શુઝ ઉપર નાઈક કંપની જેવા સિમ્બોલ કોપી કરીને વેચાણ થતુ હોવાની બાતમી મળી છે.

સીઆઈડી ક્રાઈમ પીઆઈ એસ.એમ.ચૌધરીને સાથે રાખીને ફરીયાદી કમલ સ્પોર્ટસ ની દુકાન પર ગયા હતા. દુકાન પર કમલકુમાર મોહનલાલ પેશવાણી (ઉં.૪૧, રહે.૫૦૬-૧ સેકટર-૨૩), હાજર હતા. દુકાનમાં તપાસ કરતા નાઈક કંપનીના સિમ્બોલવાળા ડુપ્લિકેટ અપરલોઅર, બરમુડા, ટોપીનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત એડીડાસ અને અંડર આર્મર કંપનીના સિમ્બોલ ધરાવતા ડુપ્લિકેટ અપર, લોયર, કંપની જેવા સિમ્બોલવાળા બુટ મળી આવ્યા હતા. સેકટર-૨૪ ની દુકાનમાંથી પોલીસને કુલ રૂ.૯.૪૬ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ સિવાય પણ હતા. કપડા સિવાય નાઈક કંપની જેવા સિમ્બોલવાળા બુટ મળી આવ્યા હતા. સેકટર-૨૪ ની દુકાનમાંથી પોલીસને કુલ રૂ.૯.૪૬ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ સિવાય ડુપ્લીકેટ માલ કયાં રાખ્યો છે તેવી પુછતાછ કરતા કમલભાઈએ પોતાના મોટાભાઈ સોહનલાલના રાંધેજા ખાતે આવેલા ગોડાઉન રાખ્યો હોવાનું જણાવ્યું હતું. ગોડાઉનમાં તપાસ કરતા સોહનલાલ મોહનલાલ પેશવાણી હાજર હતા. ત્યારબાદ પોલીસે તપાસ કરતા તેમાંથી નાઈક કંપની જેવા ૪૦૦ જોડી બુટ મળી આવ્યા હતા. રૂ.૧૨ લાખના બુટ બોકસમાં પેક કરી કમલ સ્પોર્ટસ ખાતે લાવ્યા હતા. આ સાથે બંન્ને આરોપીના મોબાઈલ પણ પોલીસે કબ્જે લીધા છે. પોલીસે કુલ રૂ.૨૧.૫૬,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે આરોપીની પુછતાછ શરુ કરી હતી. જેમાં ગાંધીનગરમાં અન્ય જગ્યાએ પણ ડુપ્લીકેટ બુટ કપડાનું વેચાણ થાય છે કેમ તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ખ-૭ પાસે રખડતા ઢોરનો વધતો ત્રાસ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં રખડતા ઢોરનો ત્રાસ એ વર્ષોથી ચાલતી આવતી સમસ્યા છે. વારંવાર ફરિયાદ કરી હોવા છતાં ઢોરના હિત માટે કોઈ કાર્ય કરવામાં આવ્યા નથી. શહેરમાં કોર્પોરેશન દ્વારા પણ ઢોરને પકડવા અને ઢોરોના હિત માટે કામ કરવાની વાત કરવામાં આવી હતી પણ આ સમસ્યાનો ઉકેલ હજી આવ્યો નથી.

શહેરના જાહેર માર્ગ, ફૂટપાથ કે માર્કેટ તમામ જગ્યાએ રખડતાં ઢોરનો ત્રાસ છે. ઘણીવાર રસ્તે જતા અથડાઈ જવાનો પણ ભય રહે છે. તેવી જ રીતે શહેરના ખ-૭ પાસે દિવસે દિવસે રખડતા ઢોરોનો ત્રાસ વધી રહ્યો છે. જેને લીધે રાહદારીઓને અકસ્માત સંબંધી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તે ચાલતા કે વાહન લઈને જતા આવતા કાળજી રાખવી પડી રહી છે. ખ-૭ પાસેથી પસાર થતા અચાનક જ ઢોર સામે આવીને ઉભા રહી જાય તો અચાનક બ્રેક મારવી પણ મુશ્કેલ બને છે.

શહેરના જાહેર રસ્તા, માર્કેટ, ફૂટપાથ અને નવા સેકટરોની સોસાયટીમાં પણ રખડતા ઢોર નડતરરૂપ બની રહ્યા છે. આ બાબતને ધ્યાનમાં લેવાય અને રખડતા ઢોર બાબતે કોર્પોરેશન દ્વારા કોઈ પગલા હાથ ધરવામાં આવે તેવી શહેરીજનોની માંગ છે.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા લાયન રામચંદ્રભાઈ વ્યાસ, પ્રેમલસિંહ ગોલ અને અજય પટેલના જન્મદિન નિમિત્તે સે-૧-સી વિશેષ એજયુકેશન સેન્ટરના સ્પેશિયલ ચેલેન્જન્ડ ચિલ્ડ્રન હોમના બાળકોને યુનિફોર્મ અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ઉમંગ પંડયા, લીયો પ્રમુખ વિનય સયસિંઘાણી, મોહન પરમાર, અજય પટેલ, ધવલ દવે, પ્રીતિ શર્મા, નયન મધુકર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત રહેલા સભ્યોનો સહમંત્રી પ્રીતિબેન શર્મા દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળનો સે-૭ પોસ્ટ કચેરી બાબતે અસંતોષ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સે-૭ સ્થિત પોસ્ટ ઓફિસની અસુવિધા બાબતે નારાજગી દાખવવામાં આવી છે. સંસ્થા દ્વારા વર્ષ ૧૯૯૩થી પોસ્ટ કચેરી માટે અલગ રાખેલ જમીન પર બાંધકામ કરવા માટેની રજુઆત પોસ્ટ વિભાગના સચિવ ભારત સરકાર અને દિલ્હી સ્થિત તથા અમદાવાદ વડી કચેરીમાં પણ લેખિત રજુઆત કરી હોવા છતાં કોઈ નિર્ણય લેવાયો નથી. સંસ્થાના પ્રમુખ અરૂણ બુચ અને ઉપપ્રમુખ મયુર વ્યાસ દ્વારા આ બાબતે વધુમાં જણાવાયું છે કે રાજયના માર્ગ મકાન વિભાગ દ્વારા વસાહત મહામંડળની રજૂઆતને અંતે તા. ૭ નવેમ્બર ૨૦૧૨ના હુકમથી ઠરાવવામાં આવ્યું હતું કે સે-૭ની ટપાલ કચેરી માટે વસાહત મહામંડળની માંગણીને ધ્યાનમાં લઈ વધારાનું મકાન ફાળવી ગ્રાહકો તથા સિનિયર સિટીઝન્સની દુવિધા દુર કરવા પગલા લેવાય પરંતુ આ હુકમનો અમલ કરવામાં આવ્યો ન હતો અને પરિણામે સે-૭ પોસ્ટ કચેરીને મકાન પણ નથી અને નાના મકાનમાં દુવિધા સાથે ગ્રાહકોને હાલાકી હોવા છતાં સંકડાશમાં કામ કરવું પડી રહ્યું છે. આ ઉકેલ જલ્દીથી આવે તેમ ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, નિલેન્દુ વોરા, પ્રદિપ સોલંકી, ભાનુભાઈ દવેની માંગ છે.

વકીલોના ઓળખકાર્ડ થકી સચિવાલયમાં પ્રવેશ આપવા રજૂઆત

ગાંધીનગર, તા.૨૦

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત એ ચેપ્ટર-૨, સેકશન-૩ (૧એ) જે એડવોકેટસ એકટ ૧૯૬૧ હેઠળ રચાયેલ સ્વાયત્ત સંસ્થા છે. અહીં રોલ પર નોંધાયેલ ૯૦,૦૦૦ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓ દ્વારા સરકારને વિનંતી કરવામાં આવે છે કે ધારાશાસ્ત્રીઓને સચિવાલયના વિવિધ વિભાગમાં જરૂરી કામગીરી સંદર્ભે અવારનવાર જવાનું થતું હોવાથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા રજુ કરવામાં આવેલ ઓળખકાર્ડથી પ્રવેશ મેળવવા માટે મંજુરી આપવામાં આવે.

ગાંધીનગર મનપા દ્વારા નાગરિકોને ઘરેલુ ભીના કચરામાંથી ખાતર બનાવતા શીખવવામાં આવશે

ચાર સભ્યોનો એક પરિવાર દરરોજ આશરે ૨ કિલો કચરો પેદા કરે છે, જેમાંથી ૫૦% ભીનો કચરો હોય છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાએ ૨૦૨૧ના પ્રથમ માસ જાન્યુઆરીને 'ઘન કચરા સંચાલન જાગૃતિ માસ' તરીકે જાહેર કરીને લોક જાગૃતિ કેળવવા એક જન અભિયાનનું આયોજન કર્યું છે. મહિનાના ચાર સપ્તાહમાં ચાર અલગ વિષય પર માહિતી અને જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવી રહ્યું છે. પ્લાસ્ટિકનો કચરો, સેનિટરી કચરો, ભીનો કચરો અને ઈલેકટ્રોનિક કચરો. આ તમામ કચરાનું સંચાલન કેવી રીતે કરવું તેના પર રસપ્રદ વિગતોની આપ-લે કરવાના અભિયાનમાં ડિજીટલ અને પરંપરાગત માધ્યમોની મદદથી માહિતી, શિક્ષણ, અને પ્રસારની પ્રવૃત્તિ જોર-શોરથી કરાઈ રહી છે. મહામારીના સમયમાં પણ કચરાનું અસરકારક સંચાલન કેવી રીતે કરી શકાય તેના શિક્ષણની કામગીરી પ્રશંસનીય રીતે બજાવાઈ રહી છે. તેના અંતર્ગત તારીખ ૧૮થી ૨૩ દરમિયાન 'ભીના કચરા સંચાલન જાગૃતિ' સપ્તાહ તરીકે ઉજવણી કરાઈ રહી છે. આ સપ્તાહમાં ઘરેલુ ભીના કચરામાંથી ખાતર બનાવવાની રીત શીખવવામાં આવશે.

ઘરમાં પેદા થતા ભીના કચરાના સંચાલનનું મહત્વ સમજવું અને સમજાવવું ખુબ જરૂરી છે. ભીના કચરામાં મુખ્યત્વે રસોડામાં ઉત્પન્ન થતો બાયોડીગ્રેડેબલ (વિઘટનક્ષમ) કચરો જેવો કે ફળો/શાકભાજીની છાલ, ચા પત્તી, કોફીનો ભૂકો, ઈંડાની કાચલી, વધેલો ખાદ્ય પદાર્થ, પાંદડા અને ફૂલોનો સમાવેશ થાય છે. ચાર સભ્યોનો એક પરિવાર દરરોજ આશરે ૨ કિલો કચરો પેદા કરે છે, જેમાંથી ૫૦% ભીનો કચરો હોય છે. તેવી રીતે શહેરમાં દરરોજ આશરે ૪૩ ટન ભીનો કચરો ઉત્પન્ન થાય છે, જે વાર્ષિક ઓલિમ્પિક કદના ૧૩ સ્નાનાગર જેટલો થવા જાય છે. યોગ્ય નિકાલ ન થાય તો આ ભીનો કચરો જમીનમાં ઉતરીને ભૂગર્ભ જળને પ્રદૂષિત કરે છે. ત્યારે જો ભીના કચરામાંથી ઘરેલુ ખાતર બનાવાય તો ભીના કચરાના ઉત્પાદનમાં ઘટાડો કરી શકાય અને તેનો ઉપયોગ પોતાના બગીચામાં શાક-ભાજી અને ફળો ઉગાડવામાં કરી શકાય છે.

વર્તમાન સપ્તાહમાં મહાનગર પાલિકા મુખ્યત્વે ભીના કચરા વિષે માહિતી અને જાગૃતિ ફેલાવવા કટિબદ્ધ છે. વિશેષતઃ ભીના કચરાનું ઉત્પાદન અને તેનું બંધારણ, યોગ્ય સંચાલન ના થાય તો ભીના કચરાની પર્યાવરણ પર થતી અસરો, તંત્ર દ્વારા કચરા સંચાલનની વર્તમાન વ્યૂહરચના અને ભીના કચરાના સંચાલનમાં નાગરિકો વ્યકિતગત/સમુદાય સ્તરે શું કરી શકે વગેરે વિષયો પર ભાર આપવામાં આવી રહ્યો છે. નાગરિકોમાં જાગૃતિ ફેલાવવાના આશયથી મહાનગર પાલિકા ફેસબૂક, ટ્વિટ્ટર, ઈન્સ્ટાગ્રામ જેવા પ્રચલિત સોશ્યિલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરી રહી છે. મહાનગર પાલિકા એક વેબિનારનું પણ આયોજન કરી રહી છે જેનું પ્રસારણ ૨૧મી જાન્યુઆરી, શુક્રવારના રોજ સવારે ૧૧થી બપોરે ૧૨ વાગ્યા સુધી કરવામાં આવશે. વેબિનારનો મુખ્ય વિષય છે, ભીના કચરાનું સંચાલન અને ઘરેલુ ખાતર બનાવવાની રીત.

સમગ્ર સપ્તાહ દરમિયાન દરરોજ ૨ વોર્ડમાં સમુદાય સ્તરે વિવિધ પ્રવૃતિઓનું આયોજન થઈ રહ્યું છે. આ પ્રવૃતિઓના લીધે વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકાય છે અને રહેણાંક તથા કોમર્શિયલ વિસ્તારના લોકો પણ આ પ્રવૃતિઓમાં ભાગ લઈ શકે છે. મહાનગર પાલિકા નાના પાયે વર્કશોપનું પણ આયોજન કરવા ઈચ્છુક છે જેનો ધ્યેય નાગરિકોને ઘરેલુ ખાતર બનાવવા માટેની પદ્ધતિનું નિદર્શન કરવાનો છે. આ સાથે ખાતર બનાવવાના સાધનોના વિતરકોને પણ આ અભિયાનમાં સામેલ કરવાનું આયોજન છે. આ વર્કશોપના લીધે સ્થાનિક વેપારીઓ અને છોડ ઉછર કેન્દ્રોને પણ ફાયદો થશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર દોનાજી માધાજી, ઉ.વ. ૬૦, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. નરોત્તમભાઈ માધવલાલ પટેલ, ઉ.વ. ૯૧, સેકટર-૧૨, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. ચાવડા દલસુખભાઈ શંકરભાઈ, ઉ.વ. ૮૯, સેકટર-૬, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ હંસાબેન નારણભાઈ, ઉ.વ. ૫૪, સેકટર-૪, ગાંધીનગર